| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GJMR020065252020 | सत्यमेव जयते | દાખલ તારીખ | :- | ૨૭/૧૧/૨૦૨૦ | | |
| | | નોંધ્યા તારીખ | :- | ૨૭/૧૧/૨૦૨૦ | | |
| | | ફેંસલ તારીખ | :- | ૦૮/૦૮/૨૦૨૬ | | |
| | | સમયગાળો | :- | વર્ષ | માસ | દિવસ |
| | | | | ૦૫ | ૦૮ | ૧૨ |

**<u>મોરબીના બીજા એડિ. ચીફ જ્યુડિ. મેજી. સાહેબની કોર્ટમાં. મુ.મોરબી.</u>**

**<u>સમક્ષ :- વી.આર.ચૌધરી</u>**

**ફોજદારી કેસ નં. :-** ૬૦૨૪/૨૦૨૦

**આંક :-** ૭૯

**મોરબી તાલુકા પો.સ્ટે.ગુ.ર.નં.:-**૧૧૧૮૯૦૦૫૨૦૦૮૪૭/૨૦૨૦

**ગુન્હો :-**ઈ.પી.કો. કલમ-૨૭૯, ૩૦૪(એ) તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ

| | |
|---|---|
| ફરિયાદી | **શ્રી સરકાર**<br>(મહેન્દ્રભાઈ ચતુરભાઈ ચાડમીયા,<br>રહે. રવાપર, તા.જી.મોરબી) |
| ફરિયાદી તરફે | **વિ.એ.પી.પી. શ્રી એન.વાય.વાઘજીયાણી** |
| આરોપી | **અવતારસીંગ દર્શનરામ મહે,**<br>રહે. સીંબ્બલી ગામ, તા. ગડશંકર, જી. હોશીયારપુર, રાજ્ય:-પંજાબ |
| આરોપી તરફે | **વિ.વ.શ્રી એફ.જે.ઓઝા** |

**<u>-:: ફોર્મ-બી ::-</u>**

| | |
|---|---|
| **ગુનહો બન્યાનો સમયગાળો** | ૦૭/૦૮/૨૦૨૦ |
| **ફરીયાદ આપ્યાની તારીખ** | ૦૭/૦૮/૨૦૨૦ |
| **ફરીયાદ રજીસ્ટર્ડ કર્યાની તારીખ** | ૧૦/૦૮/૨૦૨૦ |
| **ચાર્જશીટ રજૂ થયાની તારીખ** | ૨૭/૧૧/૨૦૨૦ |
| **પ્લી લીધાની તારીખ** | ૨૭/૧૧/૨૦૨૦ |

| | |
|---|---|
| **પુરાવો શરુ કર્યાની તારીખ** | ૦૯/૦૧/૨૦૨૩ |
| **ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ** | ૨૭/૦૭/૨૦૨૬ |
| **ચુકાદો જાહેર કર્યાની તારીખ** | ૦૮/૦૮/૨૦૨૬ |
| **જો સજા કરેલી હોય તો તે તારીખ** | --- |

## -:: આરોપીની વિગત ::-

| | |
|---|---|
| આરોપીનું નામ | અવતારસીંગ દર્શનરામ મહે |
| અટક કર્યા તારીખ | ૦૮/૦૮/૨૦૨૦ |
| જામીન પર છોડયા તારીખ | ૦૯/૦૮/૨૦૨૦ |
| ગુન્હો | ઈ.પી.કો. કલમ-૨૭૯, ૩૦૪(એ) તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ |
| તકસીરવાન/નિર્દોષ | નિર્દોષ |
| સજા | -- |
| સી.આર.પી.સી.ની કલમ: ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય | -- |

## -: ફોર્મ-સી :-

**ફરિયાદ પક્ષે/ બચાવ પક્ષે / કોર્ટ તરફે સાહેદ લિસ્ટ :-**

**એ./ ફરિયાદ પક્ષે સાહેદ લિસ્ટ :-**

| ક્રમ | સાહેદની વિગત | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | ફરિયાદી | મહેન્દ્રભાઈ ચતુરભાઈ ચાડમીયાની જુબાની | ૨૧ |
| ૨ | સાહેદ | કિશોરભાઈ ગણેશભાઈ અઘારાની જુબાની | ૨૫ |
| ૩ | સાહેદ | નારણભાઈ વેલનીભાઈ ચાડમીયાની જુબાની | ૨૮ |
| ૪ | સાહેદ | રશ્મિતાબેન બેચરભાઈ ચાડમીયાની જુબાની | ૨૯ |
| ૫ | સાહેદ | કાંતાબેન નારણભાઈ ચાડમીયાની જુબાની | ૩૦ |
| ૬ | સાહેદ | ધર્મીષ્ઠાબેન ગૌતમભાઈ સંતોકીની જુબાની | ૩૨ |

| | | | |
|---|---|---|---|
| ૭ | સાહેદ | મેહુલભાઈ મનહરભાઈ સદરાકીયાની જુબાની | ૩૫ |
| ૮ | સાહેદ | કાળુભાઈ મનજીભાઈ ધંધાણીયાની જુબાની | ૩૬ |
| ૯ | સાહેદ | દીનેશભાઈ સુખાભાઈ ધંધાણીયાની જુબાની | ૩૭ |
| ૧૦ | સાહેદ | વિનોદભાઈ ધનજીભાઈ સંતોકીની જુબાની | ૩૯ |
| ૧૧ | સાહેદ | રસીકભાઈ અમરશીભાઈ ચાડમીયાંની જુબાની | ૪૦ |
| ૧૨ | સાહેદ | ચંદુભાઈ ગોગજીભાઈ સંતોકીની જુબાની | ૪૬ |
| ૧૩ | સાહેદ | હીતેષભાઈ ચંદુભાઈ સંતોકીની જુબાની | ૪૭ |
| ૧૪ | ત.ક.અ. | ધનલક્ષ્મીબેન વીરાભાઈ ડાંગરની જુબાની | ૭૩ |

**ફરિયાદ પક્ષે દસ્તાવેજી લિસ્ટ :–**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૨૨ |
| ૨ | મરણજનારની પી.એમ. નોટ (બેચરભાઈ, નિલેષભાઈ તથા ગૌતમભાઈનાઓની) | ૫૧ થી ૫૩ |
| ૩ | ઈન્કવેસ્ટ પંચનામું | ૫૪ |
| ૪ | સ્થાનિક જગ્યાનું પંચનામું | ૬૦ |
| ૫ | ડી.એફ.એસ. ગાંધીનગરનો સ્થળ પરિક્ષણ અહેવાલ | ૭૪ |
| ૬ | એક્સીડન્ટલ રિપોર્ટ ફોર્મ | ૭૫ થી ૭૬ |

**–:: ઠરાવ ::–**

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના હવાલાવાળુ ટ્રક ટેઈલર જે કન્ટેઈનર ભરેલ હતું તે માળીયા તરફથી પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવતા સ્વીફ્ટ કારને હડફેટમાં લેતાં એક્સીડન્ટ કરતા ટ્રક ટેઈલરમાંનું કન્ટેઈનર કાર માથે પડતાં કારમાં બેઠેલા ફરિયાદીના કાકાના દિકરા ભાઈ બેચરભાઈ નારાયણભાઈ ચાડમીયા, તેઓના મિત્ર ગૌતમભાઈ ચંદુભાઈ સંતોકી તથા નિલેશભાઈ

અમરશીભાઈ ચાડમીયાનાઓનું ઘટનાસ્થળ પર મોત નિપજાવી પોતાના હવાલાવાળુ વાહન મુકી નાસી જઈ ગુન્હો કરેલ હોય, સદરહુ ફરીયાદ મોરબી તાલુકા પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૧૮૯૦૦૫૨૦૦૮૪૭/૨૦૨૦ થી આઈ.પી.સી. ની કલમ – ૨૭૯, ૩૦૪(એ) તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબની આપતાં તેની તપાસ કરી, તપાસ કરનાર અમલદારે લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ગુન્હો બનતો હોવાનો પુરતો પુરાવો હોય, અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ.

૨. પ્રોસેસની બજવણી પર આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેને ફોજદારી કાર્યરીતિ સંહિતા યાને ક્રિમિનલ પ્રોસીજર કોડ( ટૂંકમાં "સી.આર.પી.સી.") ની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદ તથા તે લગતના કાગળોની કોપી મળી ગયા અંગેની ખરાઈ કરી આંક–૦૩ થી તેની પ્લી નોંધતા તેણે ગુન્હો કબુલ કરેલ નહીં અને ઈન્સાફી કાર્યવાહીની માંગણી કરેલ.

૩. ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં ફોર્મે સી મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે.

૪. ઉપરોકત પુરાવો રજૂ થયા બાદ ફરીયાદપક્ષે અન્ય કોઈ મૌખીક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ નથી. આ કામે કેસના સંજોગો તથા રજૂ થયેલ પુરાવો જોતા આરોપી વિરૂધ્ધનો પુરાવો જણાતા આરોપીનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ પોતે નિર્દોષ હોવાનું તેમજ તથા કહેવાતો કોઈ ગુન્હો તેઓએ કરેલ નથી તેવું જણાવેલ છે.

**૫.** આ કામે સદરહુ કેસના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**<u>-:: મુદ્દાઓ::-</u>**

**૧.** શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ પોતાના હવાલાવાળુ ટ્રક ટેઈલર જે કન્ટેઈનર ભરેલ હતું તે માળીયા તરફથી પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવતા સ્વીફ્ટ કારને હડફેટમાં લેતાં એક્સીડન્ટ કરતા ટ્રક ટેઈલરમાંનું કન્ટેઈનર કાર માથે પડતાં કારમાં બેઠેલા ઈસમોનું ઘટનાસ્થળ પર મોત નિપજાવી પોતાના હવાલાવાળુ વાહન મુકી નાસી જઈ, આરોપીએ આઈ.પી.સી. ની કલમ – ૨૭૯, ૩૦૪(એ) તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.?

**૨.** શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**<u>-:: નિર્ણયો ::-</u>**

**૧. નકારમાં**

**૨. આખરી હુકમ મુજબ**

**<u>-:: કારણો ::-</u>**

**<u>૭. મુદ્દા નંબર – ૧ અને ૨ અંગે :-</u>**

**૭.** આ કામે ફરિયાદ પક્ષના સાહેદોના પુરાવાની ચર્ચા કરીએ તે અગાઉ એ નોંધવુ જરૂરી છે કે, ફરિયાદ પક્ષ દ્ધારા જે દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે, તે દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાનું સમર્થન મળવું જરૂરી છે.

૮. આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક – ૨૧ થી ફરિયાદી મહેન્દ્રભાઈ ચતુરભાઈ ચાડમીયાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ તા. ૦૭/૦૮/૨૦૨૦ ના રોજ બનેલ તે વખતે તેઓ ફલોરા રિવરસાઈડ જતાં હતા ત્યારે બપોરે લગભગ ૧/૦૦ થી ૧/૩૦ વાગ્યે તેઓના મિત્રનો ફોન આવ્યો કે તેમની ગાડી નં. GJ-36-B-0474 નો અણીયારી ચોકડી–ખાખરેચી ગામના પાટિયા પાસે અકસ્માત થયો છે. તેથી તેઓ તે સ્થળે પહોંચતા ગાડી પર ટ્રેઈલર નં. GJ-12-DT-6533 પડેલું હતું. સદરહુ ગાડીમાં તેઓના ભાઈ બેચરભાઈ તથા તેઓના કુટુંબી નીલેષભાઈ તથા બેચરભાઈના સાળા ગૌતમભાઈ લઈ ને કામે જતા હતા અને તેમનો અકસ્માત થયેલ. સદરહુ ગાડી પર પડેલ ટ્રેઈલર ક્રેઈન વળે ઉપાડતા અંદર બેસેલ બેચરભાઈ, નીલેષભાઈ તથા ગૌતમભાઈ કચડાઈ ગયેલ હતા અને મરણ ગયેલ હતા અને તે વખતે ૧૦૮ આવી જતાં તેમની લાશોને સિવિલ હોસ્પિટલ મોરબી ખાતે લઈ ગયેલા જ્યાં ફરજ પરના ડોકટરે તેમને મરણ જાહેર કરેલ અને ત્યારબાદ ત્રણેના પી.એમ. કરાવેલ અને લાશો સોંપવામાં આવતાં તેમની અંતિમવિધિ કરવામાં આવેલ. સદરહુ બનાવની ફરિયાદ તેઓએ આપેલ હતી જે આંક–૨૨ થી રજૂ છે તેને ઓળખી બતાવે છે.

સદરહુ ફરિયાદીની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ તેઓએ નજરે જોયેલ નથી કે બનાવ સમયે તેઓ બનાવવાળી જગયાએ હાજર ન હતા, તેમજ તેઓ કોર્ટમાં પ્રથમ વખત આવેલા તથા તેમના વકીલ તરીકે જે.ડી.અગેચણીયાને રોકેલ હોય જેથી તેઓને મળેલ હતા તેમજ તેમના કહેવાથી તેઓએ ટેઈલરનો નંબર લખાવેલ તેમજ તેઓએ તેમની ફરિયાદમાં આરોપીનું નામ લખાવેલ નથી કે તેઓની સમક્ષ આરોપીની કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલ નથી.

૯. ત્યાર બાદ ફરિયાદ પક્ષે આંક–૨૫ થી સાહેદ કિશોરભાઈ ગણેશભાઈ અઘારા, આંક–૨૮ થી સાહેદ નારણભાઈ વેલનીભાઈ ચાડમીચા, આંક–૨૯ થી સાહેદ રશ્મિતાબેન બેચરભાઈ ચાડમીચા, આંક–૩૦ થી સાહેદ કાંતાબેન નારણભાઈ ચાડમીચા, આંક–૩૨ થી સાહેદ ધર્મીષ્ઠાબેન ગૌતમભાઈ સંતોકી, આંક–૩૫ થી સાહેદ મેહુલભાઈ મનહરભાઈ સદરાકીયા, આંક–૩૬ થી સાહેદ કાળુભાઈ મનજીભાઈ ધંધાણીચા, આંક–૩૭ થી સાહેદ દીનેશભાઈ સુખાભાઈ ધંધાણીચા, આંક–૩૯ થી સાહેદ વિનોદભાઈ ધનજીભાઈ સંતોકી , આંક–૪૦ થી સાહેદ રસીકભાઈ અમરશીભાઈ ચાડમીચાં, આંક–૪૬ થી સાહેદ ચંદુભાઈ ગોગજીભાઈ સંતોકી, આંક–૪૭ થી સાહેદ હીતેષભાઈ ચંદુભાઈ સંતોકીનાઓને તપાસવામાં આવેલ છે, સદરહુ સાહેદોએ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાક્ષીઓ (HOSTILE) જાહેર કરવામાં આવેલ છે, ત્યાર બાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ સદરહુ એક્સીડન્ટ કેવી રીતે બનેલ તે બાબતે સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

૧૦. ત્યાર બાદ ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૭૩ થી ત.ક.અ. ધનલક્ષ્મીબેન વીરાભાઈ ડાંગરનાઓને તપાસવામાં આવેલ છે, અને તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરિયાદની હકીકતને સમર્થનકારક પુરાવો રજૂ કરેલ છે અને અને તેઓએ આંક–૫૪ વાળા ઈન્કવેસ્ટ પંચનામામાં તથા આંક–૨૨ વાળી ફરિયાદમાં રૂબરૂ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે તથા તેઓએ સદર ગુન્હાની આગળની તપાસ સોંપતા આંક–૬૦ વાળુ સ્થાનિક જગ્યાનું પંચનામું કરેલ તથા લાગતા–વળગતા સાહેદોના નિવેદન લીધેલ અને ત્યાર બાદ ડી.એફ.એસ. ગાંધીનગરનો સ્થળ પરિક્ષણનલ અહેવાલ મેળવેલ જે આંક–૭૪ થી રજૂ રાખેલ છે, ત્યાર બાદ તેઓએ આંક–૫૧ થી આંક–૫૩ વાળી મરણજનારની પી.એમ. નોટ મેળવી

તપાસના કામે સામેલ રાખેલ તથા અકસ્માતમાં સંડોવાયેલ બંન્ને વાહનોના આર.ટી.ઓ. ઓફિસ મોરબીમાંથી એક્સીડેન્ટલ રિપોર્ટ જે આંક–૭૫ તથા ૭૬ થી તપાસના કામે રજૂ રાખેલ હોય તેમજ આ કામના આરોપી વિરૂદ્ધ પૂરતો પુરાવો જણાતા તેઓએ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.

સદરહુ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે ફરિયાદમાં આરોપીનું નામ કે ઓળખ અંગેનું વર્ણન દર્શાવેલ નથી કે તપાસના કામે આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી તેમજ બનાવાવાળા સ્થળે વાહનોની અવરજવર હોય છે.

**૧૧. ફરિયાદપક્ષે રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરતાં અગાઉ ફોજદારી ન્યાય પ્રણાલીના પ્રચલિત સિદ્ધાંત અત્રે નોંધવા જરૂરી જણાય છે.**

(૧) "ફરિયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવાનો રહે છે. જો તેમ કરવામાંફરિયાદ પક્ષ સફળ થાય નહી, અને વ્યાજબી શંકાથી પર રહીને પોતાનો કેસ પુરવાર કરી શકે નહી, તો આરોપીને જે તે તહોમત બદલ દોષિત ઠરાવી શકાય નહી."

(૨) " કોઈ ફોજદારી કેસમાં આરોપી પોતે નિર્દોષ છે, તેવું પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર નથી. પરંતુ આરોપી દોષિત છે, તે હકીકત વ્યાજબી શંકાથી પર રહીને ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે. આરોપીએ તો માત્ર પોતાના બચાવ દ્ધારા ફરિયાદ પક્ષે રજૂ પુરાવા ઉપરથી વ્યાજબી શંકા ઉત્પન્ન કરવાની છે. વ્યાજબી શંકા એટલે કોઈ હકીકત, બનાવ કે ઘટનાના અસ્તિત્ત્વ વિશે સામાન્ય સમજ શકિત ધરાવતી વ્યક્તિના મનમાં શંકા ઉભી થાય તેવી શંકા.

ફરિયાદપક્ષે રજૂ ઉપરોક્ત પુરાવાની સાથે ભારતીય ન્યાય પ્રણાલીના પ્રચલિત સિદ્ધાંત ધ્યાને લેવો જરૂરી છે, જે મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવો જોઈએ. વ્યાજબી શંકાથી પર રહીને પોતાનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે, અને જો ફરિયાદ પક્ષ પોતાનો

કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવામાં સફળ થાય નહિ તો આરોપીને જે તે તહોમત બદલ દોષિત ઠરાવી શકાય નહી. આરોપીની નિર્દોષતા પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર નથી, પરંતુ આરોપી દોષિત છે, તે હકીકત શંકાથી પર રહીને પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર છે.

ઉપરોક્ત મુદ્દા અંગે રજૂ પુરાવાનું મૂલ્યાંકન અને ચર્ચા કરતાં અગાઉ આરોપી સામે ભારતીય ફોજદારી ધારાની જે કલમો અંગેનો ફરિયાદપક્ષનો આક્ષેપ છે તે અંગેની કાયદાની જોગવાઈઓ નીચે મુજબ ધ્યાને લેવામાં આવેલ છે.

**૧૨. આઈ.પી.સી.કલમ –૨૭૯**

" જે કોઈ વ્યકિત' માણસોની જિંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા કે હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી સરિયામ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહીના સુધીની બે માથી કોઈ એક પ્રકારની કેદની અથવા એક હજાર રુપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામા આવશે."

ઉપરોકત જોગવાઈ મુજબ જો "આરોપીએ સરિયામ રસ્તા ઉપર બેદરાકારી પુર્વક, માણસોની જીંદગી જોખમમા મુકાય અથવા કોઈ વ્યકિતને હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે વાહન ચલાવે" તો જ ઉપરોકત જોગવાઈ મુજબનો આક્ષેપિત ગુનો પુરવાર થાય.

**૧૩. આઈ.પી.સી.કલમ–૩૦૪(અ)**

" જે કોઈ વ્યક્તિ, ગુનાહિત મનુષ્યવધ ન ગણાય એવું બેફામ રીતે કરેલું કે બેદરકારીભર્યું કોઈ કૃત્ય કરીને કોઈ વ્યક્તિનું મૃત્યુ નિપજાવે, તેને પાંચ વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઈ એક પ્રકારની કેદની કે દંડની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે; અને જો તબીબી પ્રક્રિયા કરતી વખતે આ પ્રકારનું કૃત્ય નોંધાયેલ તબીબી વ્યવસાયી દ્બારા કરવામાં આવે તો તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને દંડને પાત્ર પણ

થશે."

ઉપરોકત જોગવાઈ અને મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ની કલમ –૧૭૭, ૧૩૪, ૧૮૪ ને ધ્યાને રાખીને નીચે મુજબની વિગતે ફરીયાદપક્ષે રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

**૧૪.** આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદોનો પુરાવો જોતાં, ફરીયાદીએ પોતાની ફરીયાદને સમર્થનકારી હકીકત જણાવેલ છે. પરંતુ ફરીયાદીએ તેમની ઉલટતપાસમાં સ્વીકાર મુજબ તેઓએ બનાવ નજરે જોયેલ નથી તેમજ આરોપીની વિગત પોલીસને જણાવેલ નથીતે જોતા, સાહેદના પુરાવા ઉપર આધાર રાખી ફરીયાદ પક્ષના કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર થયેલ છે તેમ માની શકાય નહી. તેમજ આ કામે રજૂ અન્ય સાહેદના પુરાવા જોતા, આરોપીની ઓળખ પુરવાર માની શકાય તેવી પણ કોઈ હકીકત પુરવાર થયેલ નથી. તેઓએ જણાવેલ છે કે, તેઓએ બનાવ નજરે જોયેલ નથી તેમજ તેઓને વાતોવાતોથી બનાવ અંગે માહિતી મળેલ હતી યાને કે તમામ સાહેદો હીયર–સે પ્રકારના વીટનેસ છે જેથી તેમના પુરાવા પર આધાર રાખી શકાય તેવો મહત્ત્વનો પુરાવો અદાલત સમક્ષ રજૂ કરવામાં આવેલ નથી. તેમજ જે ત.ક.અ. સાહેબશ્રીને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની ફરજના ભાગરૂપે જે કામ કરેલ છે તેની હકીકત જણાવેલ છે, પરંતુ બનાવાવાળી જગ્યાએ જાહેર સ્થળ છે તેઓને સ્વતંત્ર સાહેદ સહેલાઈથી મળી શકે તેમ હોવા છતાં પણ તેઓના નિવેદન નોંધવામાં આવેલ નથી આથી અકસ્માત કોની બેદરકારીથી બનેલ હોય અને આરોપીની સ્થળે અને સમયે હાજરી અને આરોપીની ઓળખ પુરવાર થાય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષે રજૂ રાખેલ નથી. આમ, આરોપીએ બેદરકારીપૂર્વક ગફલતભરી રીતે વાહન ચલાવેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષે રજૂ પુરાવો જોતાં પુરવાર થતી નથી. આમ,ફરીયાદપક્ષ રજૂ પુરાવાથી આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય જેથી મુદ્દા નં. ૧ નો જવાબ "નકારમાં" આપી મુદ્દા નં. ૨ પરત્વે

ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ::-**

**૧.** આ કામના તહોમતદારને સી.આર.પી.સી.ની કલમ-૨૫૫(૧)ની જોગવાઈ અન્વયે આઈ.પી.સી.કલમ-૨૭૯, ૩૦૪(એ) તથા એમ. વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના સજાને પાત્ર ગુન્હાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીએ સી.આર.પી.સી.ની કલમ-૪૩૭ મુજબના અપીલ સમય સુધીના જામીન રજૂ કરવા.

**૩.** બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

**૪.** કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ વાહન અંગે અગાઉ જે હુકમ કરવામાં આવેલ હોય એ કાયમી રાખવામાં આવે છે જો કોઈ હુકમ ન હોય તો તે વાહનની માલિકની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૦૮/૦૮/૨૦૨૬ | **(વનરાજ રામભાઈ ચૌધરી)** |
| સ્થળ :- મોરબી | બીજા એડિ. ચીફ જ્યુડિ. મેજી., મોરબી |
| | **(U.I.C.NO. GJ00815)** |

Guj. Steno. - Farhin Shekh